ગુજરાતના 41 તાલુકામાં વરસાદ

અમદાવાદ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે યલો એલર્ટ

બે દિવસ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી

ભાવનગર જિલ્લામાં સૌથી વધુ 1.85 ઇંચ વરસાદ

અમદાવાદ: ગુજરાતમાં એક તરફ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે તો બીજી તરફ ચોમાસાની આગેકૂચ સાથે રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારે અમદાવાદમાં 41 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે રાજ્યના 41 તાલુકામાં વરસાદ નોંધાતા વાતાવરણમાં આંશિક રાહત અનુભવાઈ હતી. આગામી 23 અને 24 જૂને દક્ષિણ ગુજરાત સહિત અમદાવાદ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના આઠ તાલુકાઓમાં નહીંવત વરસાદ નોંધાયો હતો. જોકે સોમવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ 41 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. તેમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ 1.85 ઈંચ વરસાદ નોંધાતા શહેર અને આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો.

હવામાન વિભાગના અહેવાલ મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થયો હતો, જ્યારે કચ્છમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુથી નોંધપાત્ર વધુ રહ્યું હતું, જ્યારે દક્ષિણ ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું.

આવતીકાલ તા.23 જૂને દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા હોવાથી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લામાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. 24 જૂને પણ અમદાવાદ સહિત ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ, વીજળીના કડાકા અને 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદની શક્યતા હોવાથી યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ 25થી 29 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહેશે. સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. 28 અને 29 જૂને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ વધુ વિસ્તરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં રાજસ્થાનથી બિહાર સુધી ઉત્તર પ્રદેશ ઉપરથી પસાર થતી સિઝનલ ટ્રફ સક્રિય છે.

રાજ્યમાં ડબલ સિઝન : અમદાવાદમાં 41 ડિગ્રી તાપમાન

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ સોમવારે અમદાવાદમાં 41 ડિગ્રી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી, ગાંધીનગરમાં 40 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, ડીસામાં 39 ડિગ્રી, કંડલા એરપોર્ટ ખાતે 39 ડિગ્રી, કંડલા પોર્ટ ખાતે 38 ડિગ્રી, ભાવનગરમાં 37 ડિગ્રી, ભૂજમાં 37 ડિગ્રી, કેશોદમાં 37 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી, સુરતમાં 36 ડિગ્રી, દમણમાં 36 ડિગ્રી, મહુવામાં 35 ડિગ્રી અને પોરબંદરમાં 33 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદ માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની, એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા દર્શાવી છે. શહેરનું મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છના 141 ડેમમાં માત્ર 27 ટકા પાણી બચ્યું

રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છના ડેમોમાં સૌથી ઓછો જળસંગ્રહ

સૌની યોજનાથી પાણી પહોંચાડવાની શરૂઆત

રાજકોટ : રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગત વર્ષે 21 જૂન પૂર્વે નોંધપાત્ર વરસાદ વરસી જતા વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી ગઈ હતી અને જમીનમાં તળ પણ જીવંત થયા હતા તેમજ જળાશયોમાં પણ નવા નીરની આવક થઇ ચુકી હતી જેની સામે આ વર્ષે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાતા જળમાંગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. હાલની સ્થિતિએ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડેમોમાં ડેમોની સ્થિતિ જોતા રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના મારફત લિંક 2, 3, અને 4 મારફત નર્મદાનું પાણી છોડી પીવાનું પાણી પૂરું પાડવા સૂચના આપવામાં આવી છે. જેની સાથે સાથે કોઇ જગ્યાએ સિંચાઇ માટે ડિમાન્ડ જણાઈ તો સિંચાઇ માટે પણ પાણી પૂરું પાડવા આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટના જળાશયોમાં સરેરાશ 24%, મોરબીના જળાશયોમાં સરેરાશ 23%, દ્વારકાના જળાશયોમાં સૌથી ઓછું 2.85%, જામનગરના જળાશયોમાં 12% અને સુરેન્દ્રનગરના જળાશયોમાં સરેરાશ 28% જ પાણી ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું છે.

જુદા જુદા ડેમની જળસંગ્રહની સ્થિતિ

શહેર	ડેમમાં પાણી
ભાદર-1	18.11%
ભાદર-2	53%
આજી-1	42%
ન્યારી-1	31%

દ્વારકાના જળાશયોમાં માત્ર 2.85% પાણી

રાજકોટના 24%, મોરબીના જળાશયોમાં સરેરાશ 23%, દ્વારકાના જળાશયોમાં સૌથી ઓછું 2.85%, જામનગરના જળાશયોમાં 12% અને સુરેન્દ્રનગરના જળાશયોમાં સરેરાશ 28% જ પાણી ઉપલબ્ધ છે.

ડેમ	ઉંડાઈ	હાલની સ્થિતિ
ભાદર	34 ફૂટ	16.20 ફૂટ
મોજ	44 ફૂટ	28.30 ફૂટ
આજી-1	29 ફૂટ	19.40 ફૂટ
આજી-2	30.10 ફૂટ	26.40 ફૂટ
ન્યારી-1	25.10 ફૂટ	13.60 ફૂટ
ન્યારી-2	20.70 ફૂટ	3.40 ફૂટ
સોડવદર	23.10 ફૂટ	6.70 ફૂટ
ફોફળ	25.50 ફૂટ	8.10 ફૂટ
લાલપરી	15 ફૂટ	10.20 ફૂટ

સૌની યોજના મારફત પાણી છોડવાની શરૂઆત

આ ઉપરાંત સૌની યોજનાના એક્ઝિક્યુટિવ એન્જિનિયર એ.એમ. પીનારાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સૂચના મુજબ હાલમાં સૌની યોજના લિંક 2,3, અને 4 મારફત પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું. રાજકોટ જિલ્લાને લિંક 3માંથી પાણી આપવામાં આવે છે અને લિંક 3 મારફત હાલમાં 600 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા કોઇ જગ્યાએ સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સમસ્યા ન ઉદ્દભવે તે માટે આયોજન કરી નર્મદા નીર પહોંચાડવામાં આવી રહ્યું છે અને આ ઉપરાંત વરસાદ ખેંચાતા કોઈ જગ્યાએ ખેડૂતો દ્વારા ડિમાન્ડ કરવામાં આવે તો સિંચાઈ માટે પણ પાણી છોડવામાં આવશે. તેમને વધુમાં જણાવ્યું હતું કે, સૌની યોજના લિંક 2માં રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને ભાવનગર જિલ્લાના ડેમોને આવરી લેવામાં આવે છે. જયારે સૌની યોજના લિંક 3માં સુરેન્દ્રનગર, મોરબી અને રાજકોટ જિલ્લાના લોકોને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે. અને સૌની યોજના લિંક 4 મારફત રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને જૂનાગઢ જિલ્લાના જળાશયોમાં પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લાના ડેમી-1, વેરી-1 અને આજી-1 માં પાણી લિંક 3 મારફત આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં 4 વર્ષમાં ૧૦૬૩ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી: કોંગ્રેસ

6 વર્ષમાં દેશભરમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ આત્મહત્યા કરી: ડો. મનીષ દોશી

અમદાવાદ: દેશ અને ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ આજે અસહ્ય માનસિક દબાણ, પરીક્ષા કૌભાંડો અને ભવિષ્યની અનિશ્ચિતતા વચ્ચે જીવન જીવી રહ્યા છે. દુઃખની વાત એ છે કે આ દબાણ હવે વિદ્યાર્થીઓના સપનાઓ જ નહીં, તેમના જીવન પણ છીનવી રહ્યું છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪માં બાળકોમાં આત્મહત્યાના કેસોમાં લગભગ ૧૬% જેટલો વધારો નોંધાયો છે. એનસીઆરબીના આંકડા મુજબ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન દેશભરમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ આત્મહત્યા કરી પોતાનું જીવન ટુકાવ્યું છે એટલે કે દેશમાં સરેરાશ દરરોજ ૪૦થી વધુ કિશોર આત્મહત્યા કરે છે. આ જ સમયગાળામાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરના ૧૨,૫૯૮ યુવાનોએ પરીક્ષામાં નિષ્ફળતાને કારણે આત્મહત્યા કરી છે.

વિદ્યાર્થીઓના તૂટી રહેલા સપનાઓ અને વધતી નિરાશા પાછળ નિષ્ફળ નીતિઓ, બેફામ પેપર લીક, પરીક્ષાનું અસહ્ય દબાણ અને ભયંકર બેરોજગારી માટે સીધી રીતે જવાબદાર ભાજપ સરકાર છે. તેવું પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું.

ડૉ. મનીષ દોશીએ વધુમા કહ્યું હતુ કે છેલ્લા કેટલાક વર્ષોમાં NEET, JEE, CUET, GPSC, UPSC સહિતની અનેક પરીક્ષાઓમાં પેપર લીક, ગેરરીતિઓ અને કૌભાંડો સામે આવ્યા છે. દરરોજ સરેરાશ પાંચથી વધુ યુવાનો માત્ર પરીક્ષામાં નિષ્ફળતાને કારણે મોતને ભેટી રહ્યા છે. વિદ્યાર્થીઓ દિવસ-રાત મહેનત કરે, પરિવારો લાખો રૂપિયાની ફી ભરે અને અંતે સિસ્ટમ જ તેમના વિશ્વાસ સાથે દગો કરે તેનાથી મોટી કરુણતા શું હોઈ શકે?

રાજ્ય સતત વધી રહેલા વિદ્યાર્થીઓના આત્મહત્યાના ચોંકાવનારા આંકડાઓ અંગે ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ૧૦૬૩ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. એક જ વર્ષમાં ગુજરાતમાં ૫૬૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૫૧, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬૧, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮૩ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૬૮ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી. દેશમાં માત્ર વર્ષ ૨૦૨૪માં જ ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. ડિગ્રી બાદ નોકરીની કોઈ ખાતરી નથી, ભરતી પરીક્ષાઓ વર્ષો સુધી અટકી રહે છે. યુવાનોમાં નિરાશા કેમ નહીં ફેલાય? પેપર લીક, ભરતી કૌભાંડો અને ગેરરીતિઓએ લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ભાજપ સરકાર રમત રમી છે. પરીક્ષા કૌભાંડો માટે જવાબદાર કોણ?

ગુજરાતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા

૨૦૨૦-૨૧	૧૫૧
૨૦૨૧-૨૨	૧૬૧
૨૦૨૩-૨૪	૧૮૩
૨૦૨૪-૨૫	૫૬૮
કુલ	૧૦૬૩

સગાભાઈની હત્યા કરવા નીકળેલો યુવક ચપ્પુ સાથે ઝડપાયો

લિંબાયતમાં ધંધાકીય અદાવતમાં ભાઈ જ ભાઈનો કાળ બનવા નીકળ્યો હતો

સંજયનગર સર્કલ પાસે વાહન ચેકિંગ દરમિયાન ચપ્પુ મળતા ખુલાસો થયો

સુરતઃ લિંબાયતમાં ધંધાકીય ઝઘડામાં સગા ભાઈની હત્યા કરવા માટે ચપ્પુ સાથે નીકળેલા યુવાનને પોલીસે સંજયનગર સર્કલ પાસેથી ઝડપી લીધો હતો.

લિંબાયત પોલીસ સ્ટેશનનો સ્ટાફ જ્યારે સંજયનગર સર્કલ પાસે વાહન ચેકિંગમાં હતો, ત્યારે એક મોપેડ સવાર શંકાસ્પદ જણાતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો. પોલીસ કાફલાને જોઈને આ ઈસમે ભાગવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેને કોર્ડન કરીને પકડી લેવાયો હતો.પકડાયેલા આરોપીનું નામ ચેતન સંજય પાટીલ (રહે. વિનોબાનગર, મદીના મસ્જિદ પાસે, લિંબાયત) છે. તેની પાસેથી પોલીસને એક મોટું અને ચપ્પુ મળી આવ્યું હતું, જેને પોલીસે કબજે લીધું છે. પકડાયેલા આરોપીની જ્યારે કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ખુલાસો કર્યો હતો કે તેના સગા ભાઈ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી માર્કેટમાં કામકાજ બાબતે ભારે વિવાદ અને ઝઘડો ચાલતો હતો. આ ઝઘડાની અદાવત મનમાં રાખીને ચેતન પાટીલ ચપ્પુ ખરીદીને પોતાના ભાઈ પર જીવલેણ હુમલો કરવા અને તેને પતાવી દેવાના ઈરાદે નીકળ્યો હતો. લિંબાયત પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પૂર્વ અગ્નિવીરો માટે પોલીસ, જેલ અને વન વિભાગની ભરતીમાં 20 ટકા અનામત

ભરતી પ્રક્રિયામાં શારીરિક ક્ષમતા કસોટીમાંથી મુક્તિ અને નિયત ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ પણ અપાશે

ગાંધીનગરઃ રાજ્યના પૂર્વ અગ્નિવીરોને સરકારી નોકરીમાં વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય અનુસાર રાજ્ય પોલીસ દળ, એસઆરપી, જેલ વિભાગ તેમજ વન વિભાગની વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને 20 ટકા અનામત આપવામાં આવશે. મુખ્યમંત્રીએ પૂર્વ અગ્નિવીરોને ભરતી માટેની શારીરિક કસોટીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ વિવિધ ભરતીમાં નિર્ધારિત ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષ સુધીની છૂટ આપવામાં આવશે. અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના સભ્યોને વિશેષ રાહતરૂપે પાંચ વર્ષ સુધીની વયમર્યાદા છૂટછાટ આપવાના પણ દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના આ નિર્ણયનો લાભ હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસઆરપીના પ્લાટૂન કમાન્ડર અને પોલીસ કોન્સ્ટેબલ જેવી પોસ્ટની ભરતીમાં મળશે. આ ઉપરાંત જેલ વિભાગ હેઠળની જેલર ગ્રુપ-2 અને જેલ સિપાઈની ભરતી તેમજ વન અને પર્યાવરણ વિભાગના વનરક્ષક વર્ગ-૩ અને વનપાલ વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને અનામત અને અન્ય રાહતોનો લાભ આપવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયને અગ્નિવીર યોજના પૂર્ણ કરનારા યુવાનો માટે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી અગ્નિવીર યોજનાના યુવાનોને સેવાનિવૃત્તિ બાદ રોજગારની વધુ તકો ઉપલબ્ધ થાય અને તેમની તાલીમ તથા અનુભવનો ઉપયોગ રાજ્યની સુરક્ષા અને વહીવટી વ્યવસ્થામાં થઈ શકે તે હેતુથી આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ નિર્ણયથી આગામી સમયમાં રાજ્યની વિવિધ ભરતી પ્રક્રિયામાં પૂર્વ અગ્નિવીરોને નોંધપાત્ર લાભ મળશે.

જમીન, ગોચર અને રિ-સરવેના પ્રશ્નો 30 દિવસમાં ઉકેલો: CM

રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીનો કડક આદેશ: અરજદારોને ધક્કા નહીં ખવડાવો, જિલ્લા કક્ષાએ જ પ્રશ્નોનો નિકાલ કરો

ગાંધીનગરઃ રાજ્યના નાગરિકોના પ્રશ્નોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા વહીવટી તંત્રને સ્પષ્ટ અને કડક દિશાનિર્દેશો આપ્યા છે. જૂન-2026ના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લા સ્તરના અધિકારીઓએ અરજીઓનો પૂરતો અભ્યાસ કરીને શક્ય હોય ત્યાં જિલ્લા કક્ષાએ જ નિર્ણય લેવો જોઈએ અને અરજદારોને લાંબા સમય સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિ ટાળવી જોઈએ. તેમણે ખાસ કરીને પુનર્વસન હેઠળ જમીન ફાળવણી, ગૌચર જમીન પરના દબાણો અને રિ-સરવે સંબંધિત પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવવા સૂચના આપી હતી.

રાજ્ય સ્વાગત દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ છોટાઉદેપુર અને મહેસાણા જિલ્લાના ખેડૂતો સહિત વિવિધ અરજદારોએ જમીન સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા હતા. છોટાઉદેપુર જિલ્લાના એક અરજદારે સિંચાઈ યોજનાના કારણે જમીન ડૂબમાં જતાં લાંબા સમયથી વૈકલ્પિક જમીન ફાળવવામાં ન આવ્યાની ફરિયાદ કરતાં મુખ્યમંત્રીએ બે જિલ્લાના કલેક્ટરો અને સિંચાઈ વિભાગ વચ્ચેના સંકલનના અભાવે અરજદારોને વારંવાર ધક્કા ખાવા પડે તે યોગ્ય નહીં હોવાનું જણાવી 30 દિવસમાં જમીન ફાળવવાની સૂચના આપી હતી.

મહેસાણા જિલ્લાના એક ખેડૂતે રિ-સરવે બાદ જમીનના ક્ષેત્રફળમાં ઘટાડો થવાની રજૂઆત કરતાં મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને 15 દિવસમાં માપણી પૂર્ણ કરીને યોગ્ય કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો હતો. ઉપરાંત મામલતદાર અને આઈએલઆર કચેરી વચ્ચેના બિનજરૂરી પત્રવ્યવહારને ટાળીને સંકલનથી ખેડૂતોના પ્રશ્નોનો સમયમર્યાદામાં ઉકેલ લાવવાનો પણ ભાર મૂક્યો હતો. વિસનગર તાલુકામાં ગૌચર જમીન પરના દબાણ અંગે જિલ્લા સ્વાગતમાં નિર્ણય લેવાયા છતાં કાર્યવાહી ન થતાં મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક અસરથી દબાણ દૂર કરવાની સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જિલ્લા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે કલેક્ટર યોગ્ય સત્તાધિકારી છે અને લોકપ્રશ્નોના નિવારણમાં આગેવાની લેવી જોઈએ.

આ વખતે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમોને કારણે રાજ્ય સ્વાગત ચોથા ગુરુવારના બદલે 22 જૂને યોજાયું હતું. રાજ્ય સ્વાગતમાં 120થી વધુ અરજદારો રૂબરૂ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે જિલ્લા સ્વાગતમાં 2,228 અને તાલુકા સ્વાગતમાં 2,854 સહિત કુલ 5,200 અરજદારોની રજૂઆતો સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી. સીએમ ભૂપેન્દ્ર પટેલે તમામ રજૂઆતોને સંવેદનશીલતાપૂર્વક સાંભળીને જનહિતને કેન્દ્રસ્થાને રાખી ઝડપી નિવારણનો અભિગમ અપનાવ્યો હતો. રાજ્ય સ્વાગત દરમિયાન મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ, વિભાગીય સચિવો તેમજ જિલ્લા કલેક્ટરો વીડિયો કોન્ફરન્સિંગ મારફતે જોડાયા હતા અને રજૂઆતો અંગે જરૂરી વિગતો પૂરી પાડી હતી.

છોટાઉદેપુરમાં હઝરત હાજીપુર નિઝામુદ્દીન બાવા સાહેબનો ઉર્સ ઉજવાશે

સુરતઃ છોટા ઉદેપુર સ્થિત હઝરત હાજીપુર નિઝામુદ્દીન બાવા સાહેબનો 70 મો ઉર્સ ઉજવાશે. ઉર્સ કાર્યક્રમની શરૂઆત તરીકે 29 જૂનના રોજ રાત્રે 10:00 વાગ્યે કુલ શરીફ સમારોહ કરવામાં આવશે.ઉર્સનું આયોજન સજ્જદાનશીન હઝરત કાદિર પીરઝાદા સાહેબ અને રફીક પીરઝાદા સાહેબના માર્ગદર્શન હેઠળ ભગત પરિવાર દ્વારા કરવામાં આવી રહ્યું છે એમ નવાઝ હુસૈન (ભગત) શેખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

બી.ઈ.-બી.ટેક પ્રવેશ માટે રાઉન્ડ-1ની ચોઈસ ફિલિંગ 23 જૂન સુધી લંબાવાઈ

પ્રવેશ પ્રક્રિયાના અન્ય તમામ કાર્યક્રમો અને તારીખો અગાઉ જાહેર કરાયેલા સમયપત્રક મુજબ યથાવત રહેશે

અમદાવાદઃ બી.ઈ./બી.ટેક પ્રવેશ પ્રક્રિયામાં રાઉન્ડ-1ની ચોઈસ ફિલિંગની છેલ્લી તારીખમાં વધારો કરવામાં આવ્યો છે. CBSE બોર્ડના રી-ચેકિંગના પરિણામો જાહેર થવાને પગલે પ્રવેશ સમિતિએ ચોઈસ ફિલિંગ માટેની સમયમર્યાદા લંબાવવાનો નિર્ણય લીધો છે. 23 જૂન, 2026 સુધી લંબાવવામાં આવી છે. પ્રવેશ સમિતિના સુત્રોના જણાવ્યા પ્રમાણે બી.ઈ./બી.ટેક પ્રવેશ માટે રાઉન્ડ-1ની ચોઈસ ફિલિંગની નવી છેલ્લી તારીખ હવે 23 જૂન, 2026 નક્કી કરવામાં આવી છે. CBSE બોર્ડના વિદ્યાર્થીઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે તેઓ ચોઈસ ફિલિંગ પ્રક્રિયા પૂર્ણ કરતા પહેલાં 23 જૂનના રોજ સવારે 11:30 વાગ્યા બાદ પોતાનો અપડેટેડ મેરિટ રેન્ક તપાસી લે.

બારડોલી-2-મિયાવાડી GIDCનું નામ બદલી "બારડોલી-૨ કડોદ GIDC" કરો

સાંસદ પ્રભુ વસાવાએ GIDC, ગાંધીનરને પત્ર લખી ભલામણ કરી

સુરતઃ બારડોલી લોકસભા મતવિસ્તારના સાંસદ પ્રભુભાઈ વસાવાએ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કર્પોરેશન(GIDC), ગાંધીનગરને એક ભલામણ પત્ર દ્વારા બારડોલી તાલુકામાં આવેલી 'બારડોલી-૨(મિયાવાડી) GIDC'નું નામ બદલીને 'બારડોલી-૨ કડોદ GIDC' કરવા રજૂઆત કરી હતી.

રજૂઆત પત્રને આધારે મિયાવાડી ગામ ભૌગોલિક રીતે નાનું હોય અને ત્યાંની વસતી પણ પ્રમાણમાં ઓછી હોવાથી રાજ્ય તેમજ રાજ્ય બહારના ઉદ્યોગકારો/ રોકાણકારોમાં તેની ઓળખ મર્યાદિત છે. બીજી તરફ કડોદ ગામ દાયકાઓથી વેપાર, કૃષિ આધારિત ઉદ્યોગો તથા નાના-મધ્યમ વ્યાપારિક એકમો માટે જાણીતું કેન્દ્ર બન્યું છે તેમજ કડોદ તથા તેની આસપાસના વિસ્તારમાં હજારોની વસતી સાથે વિશાળ ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારની વસાહત છે. સાથે જ કડોદમાં જિનિંગ-પ્રેસિંગ, કૃષિ આધારિત વ્યવસાયો, ટ્રાન્સપોર્ટ, હાર્ડવેર, કાપડ અને અન્ય નાના-મધ્યમ ઉદ્યોગો તથા વ્યાપારિક પ્રવૃત્તિઓ વિકાસ પામી છે. જેના કારણે સમગ્ર વિસ્તાર 'કડોદ' નામથી વ્યાપક ઓળખ ધરાવે છે. વધુમાં મિયાવાડી ગામનો સમાવેશ પણ કડોદ ગ્રુપ ગ્રામ પંચાયતમાં થાય છે.

તેથી સ્થાનિક પરિસ્થિતિ, ભૌગોલિક ઓળખ તથા ઔદ્યોગિક વિકાસની સંભાવનાઓને ધ્યાને લઈ બારડોલી-૨-મિયાવાડી GIDCને બારડોલી-૨ કડોદ GIDC તરીકે બદલવા સાંસદે લેખિત રજૂઆત કરી છે. નવા નામથી સમગ્ર વિસ્તારની ઓળખને વધુ પ્રોત્સાહન મળશે તથા પ્લોટોના વેચાણ, નવા રોકાણ અને રોજગારી સર્જનમાં વધારો થશે. ઉપરાંત, ગુજરાત રાજ્યમાં અનેક GIDC એ નજીકના પ્રસિદ્ધ શહેર કે ગામના નામથી ઓળખ પ્રાપ્ત કરી સફળતાપૂર્વક ઔદ્યોગિક વિકાસ હાંસલ કર્યો છે.

સુડોકુ

			૯	૧				૭
૭					૨		૯	૩
૨	૯	૧	૩		૭	૮		
			૨				૧	
૫	૧			૩		૪	૬	
૪	૨	૯		૬		૩		
	૪	૬	૭				૮	
૯		૫	૪				૨	૧
		૨	૫		૧	૬		૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

શંખ ભસ્મ

સમુદ્ર કિનારે થી ભેગા કરેલા છીપમાંથી શંખ ભસ્મ બને છે. આ ભસ્મ એક ચના જેટલી ઘી અને મધ સાથે લેવાથી બરોળનો સોજો, ખાંસી, હાફ મટે છે.

આજનું પંચાંગ

તા. 23/06/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948
વીર સંવત : 2552 **માસ** : નિજ જેઠ
તિથિઃ સુદ : નોમ: 16:40, શ્રીહરિ જયંતી
અયન : ઉત્તરાયન **ઋતુ** : વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 02
યોગ : વરિયાન **કરણઃ** તૈતિલ
નક્ષત્ર : હસ્ત 11:54 પછી ચિત્રા
રાશિ : કન્યા (પ.ઠ.ણ.) 24:55 પછી તુલા (ર.ત.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:22
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1395 બહમન માસનો 13મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 7મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુકાળ : બપોરે 15:00 થી તા. 16:30 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહેશે. વિવાદ ટાળવા. વિજાતિય આવેગ પર કાબુ રાખવો. નોકરીમાં નવી તક મળે.

વૃષભ(બ,વ,ઉ): નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં આવેગ પર કાબુ રાખવો. સ્વાર્થી મિત્રોથી સાવધાન રહેવું.

મિથુન (ક,છ,ઘ): નવા ફેરફારથી બહારના કામનો બોજ વધે. નોકરીમાં પ્રભાવ વધે. ઘરમાં વડીલોની સમસ્યા વધે.

કર્ક (ડ,હ): આત્મવિશ્વાસ પર કાબુ રાખવો. અચાનક નવી તક મળશે. મિત્રોની મદદથી અટકેલા કામ થાય.

સિંહ (મ,ટ): માર્કેટિંગ, દલાલી, ટ્યુશન, ખાણી-પીણીના ધંધામાં નવી તક ઊભી થાય. માનસિક અશાંતિ રહે.

કન્યા (પ,ઠ,ણ): સાહસીક નિર્ણય લેવાય. નોકરીની તલાશ પૂર્ણ થાય. સમાજ અને પરિવારમાં માન વધે. આવક વધે.

તુલા (ર,ત): ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. આરોગ્યની ચિંતા વધે. સરકારી કામમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

વૃશ્ચિક (ન,ય): આવક વધે. સામાજીક કામ થાય. સંતાનોની ચિંતા સતાવે. અચાનક શુભ સમાચાર મળે. ગુપ્ત ભય રહે.

ધન (ભ,ધ,ફ,ઢ): મોજ-શોખના ધંધામાં પ્રગતિ થાય. સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું. સરકારી કામમાં મદદ મળે. આવધ વધે.

મકર (ખ,જ,): વિદેશના કામમા મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વડીલોની સલાહથી અનુકુળતા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ): પડવા-વાગવા અને ચોર-લૂંટારૂથી સાવધાન રહેવું. સરકારી કામમાં મદદથી પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ): ભાગીદારોની યોજનામાં પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. શુભ સમાચાર મળે.

કોઈ પણ સાલમાં 23 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં ચડતી પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. હરીફોની હેરાનગતિ રહે. પરિવારની અપેક્ષા વધે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણમાં માર્ગદર્શન મળે. મિત્રો વડીલોની મદદ આવક વધારવાની યોજના અને સંતાનોના અભ્યાસ કેરીયરમાં મળતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી પ્રગતિ થાય. વિદેશના કામાં ગતિ આવે. આરોગ્યની ચિંતા રહે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. આત્મવિશ્વાસ જળવાઇ રહે. નવા ઘર વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડશે. ઉંમરલાયકના વિવાહ અને પ્રેમ વિવાહ થાય. વારસા, જાયદાત જમીન જેવા કામમાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 2,5,14,23 તારીખે નવા કામ કરવા. લાલરંગનો ઉપયોગ કરતા રહેવું. જૂન-જુલાઇ શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવા. કાળો અને લાલ રંગ ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું.